# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ડેડિયાપાડામાં જનજાતિય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ભાગ લેશે.**
2. **એક દિવસની રાજ્યની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી  નવ હજાર સાત સો કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે    ,  સુરતના બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લેશે**
3. **રાજ્યભરમાં આજે, કાલે તથા 22 અને 23 નવેમ્બરે મતદાન મથકો પર મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંતર્ગત વિશેષ કેમ્પનું આયોજન**
4. **રાજ્યમાં બેવડી ઋતુના અનુભવ સાથે 12 ડિગ્રી સાથે દાહોદ સૌથી ઠંડુ શહેર**
5. **અંડર-16 ક્રિકેટમાં સૌરાષ્ટ્રને 77 રને હરાવીને ગુજરાતની ટીમ ફાઇનલમાં પહોંચી**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજના ગુજરાત પ્રવાસ દરમિયાન નર્મદા જિલ્લામાં જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીમાં ભાગ લેશે.

ડેડિયાપાડા ખાતે આયોજીત આ કાર્યક્રમ પ્રધાનમંત્રીના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસકાર્યોનું પણ લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરાશે.

પ્રધાનમંત્રી પ્રસિદ્ધ દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કરશે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

## બાઇટ- હર્ષ સંઘવી

---

# PM MODI GUJ VISIT VC

પ્રધાનમંત્રીના ડેડિયાપાડામાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીમાં ભાગે લેશે .

સાંભળીએ એક અહેવાલ.

## વોઇસ કાસ્ટ – અજય ઇન્દ્રેકર

*(નર્મદામાં આજે રાષ્ટ્રીયકક્ષાના જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા-અર્ચના કરશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. દરમિયાન રાજસ્થાન , મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં શ્રી મોદીનું સ્વાગત કરશે. આ પ્રસંગે શ્રી મોદી કેન્દ્ર સરકાર તરફથી અંદાજે સાત હજાર 667 કરોડ અને રાજ્ય સરકાર તરફથી અંદાજે બે હજાર 112 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી સભાને પણ સંબોધશે.*

*(અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

# PM SURAT BULLE TRAIN STATION VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાત દરમિયાન સવારે સુરતમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લેશે અને મુંબઈ- અમદાવાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોરની કામગીરીની સમીક્ષા કરશે. તે ભારતના સૌથી મહત્વાકાંક્ષી માળખાગત પ્રોજેક્ટ્સમાંનો એક છે.

દેશના હાઇ-સ્પીડ કનેક્ટિવિટીના યુગમાં પ્રવેશને ચિહ્નિત કરે છે. MAHSR આશરે 508 કિલોમીટર લાંબો છે, જેમાં ગુજરાત અને દાદરા અને નગર હવેલીમાં 352 કિલોમીટર અને મહારાષ્ટ્રમાં 156 કિલોમીટરનો સમાવેશ થાય છે.

47 કીલોમીટર લાંબો સુરત બિલીમોરા સેક્શનનું બાંધકામના અંતિમ તબક્કામાં છે.

આ અંગે સુરત કલેક્ટરે વધુ માહિતી આપી

## (બાઈટ – સુરત કલેક્ટર)

જેમાં સિવિલ વર્ક્સ અને ટ્રેક બિછાવવાનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે. સુરત સ્ટેશનની ડિઝાઇન શહેરના વિશ્વ-પ્રસિદ્ધ હીરા ઉદ્યોગથી પ્રેરિત છે, જે તેની ભવ્યતા અને કાર્યક્ષમતા બંનેને પ્રતિબિંબિત કરે છે.

---

# BIRASA MUNDA BIRTH ANNIVARSRY- DISTRICT

રાજ્યભરમાં બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી થઇ રહી છે. જે અંતર્ગત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના અધ્યક્ષસ્થાને વાવ-થરાદ જિલ્લાના ખોડા

ખાતે આદિવાસી સંમેલન યોજાયું. જેમાં લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ વિતરણ કરાયા હતા.

આ પ્રસંગે શ્રી ચૌધરીએ જણાવ્યુ કે  શિક્ષણ અને વ્યસનમુક્તિ અંગે ભગવાન બિરસા મુંડાએ સમાજને નવી દિશા આપી હતી.

બીજી તરફ ગઇકાલે જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ  'ની ઉજવણી નિમિત્તે છોટાઉદેપુર જિલ્લામાં  સફાઈ અભિયાન હાથ ધરાયું.જેમા જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

---

## SIR SPECIAL CMAP

રાજ્યભરમાં વિવિધ મતદાન મથકો ખાતે આજે મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંતર્ગત વિશેષ કેમ્પનું આયોજન કરાયું છે. આજે અને આવતીકાલે તથા 22 અને 23 નવેમ્બરે મતદાન મથકો પર સવારે 9થી 1 વાગ્યા સુધી ખાસ કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં બૂથ લેવલ ઓફિસર -  BLO  મતદાન મથક પર હાજર રહેશે. નાગરિકો આ સમય દરમિયાન  BLOની મદદથી  SIR  અંગે માર્ગદર્શન મેળવી ગણતરી ફોર્મ ભરી શકશે અને 2002ની મતદાર યાદીમાં પોતાનું નામ પણ શોધી શકશે.

દરમ્યાન ગઇકાલે સુરેન્દ્રનગર કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મતદાર યાદી ખાસ સુધારણા કાર્યક્રમ હેઠળ વિશેષ બેઠક યોજાઇ.

જેમાં વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓને મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંગે જાણકારી આપવામાં આવી. બેઠકમાં વિવિધ રાજકીય પક્ષો તરફથી મળેલા સૂચનો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

---

## GOVERNOR AMRELI VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાના ભાગરૂપે અમરેલીના સાવરકુંડલામાં કૃષ્ણગઢ ગામે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજ્યો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે યોગ્ય પદ્ધતિ અપનાવવાથી પ્રાકૃતિક ખેતીમાં પ્રથમ વર્ષથી જ રાસાયણિક ખેતી જેટલું ઉત્પાદન મળી શકે છે.આ કાર્યક્રમમાં અનુદાનથી વિકસિત થનારી આંતરમાળખાકીય સુવિધાઓનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

બીજી તરફ રાજ્યપાલની ઉપસ્થિતિમાં સાવરકુંડલાની આંબરડી માધ્યમિક શાળા ખાતે "સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા" કાર્યક્રમ યોજાયો.જેમાં વિદ્યાર્થીઓને આત્મનિર્ભરતા થકી સ્વ અને રાષ્ટ્રની ઉન્નતિના વિવિધ પાસાઓ અંગે જાગૃત કરાયા હતા.

---

------------

## KUVANJI BAVALIYA-PANCHMAHAL VISIT

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ ગઇકાલે પંચમહાલના ગોધરામાં જિલ્લા પંચાયત કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજી. તેમણે શ્રમ, કૌશલ્ય વિકાસ, રોજગાર અને ગ્રામ વિકાસ વિભાગમાં ચાલી રહેલી યોજનાઓની સમીક્ષા કરી ,

અમલીકરણમાં  આવતી મુશ્કેલીઓ જાણી અને તેનું ત્વરિત નિવારણ કરવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ હતું.

તેમણે કહ્યું કે સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માણસ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવું અને તમામ વિકાસ કાર્યો સમયમર્યાદામાં પારદર્શક રીતે પૂર્ણ થાય તે વહીવટી તંત્રની પ્રથમ જવાબદારી છે.

---

## BHARUCH BOGUS MARKSHEET

ભરૂચમાંથી એક કમ્પ્યુટર ક્લાસના સંચાલક જયેશ પ્રજાપતિની બોગસ માર્કશીટ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી છે. એસઓજીએ બાતમીના આધારે આ આરોપીની ધરપકડ કરી હતી.આરોપી નકલી માર્કશીટ બનાવતો હતો અને તેને દેશભરમાં વેચતો હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

આ મામલે આરોપીની સઘન પૂછપરછ કરીને વધુ વિગતો મેળવવામાં આવી રહી હોવાનું ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું.

**બાઇટ- અક્ષયરાજ મકવાણા, પોલીસ અધિક્ષક, ભરૂચ**

---

## WEATHER

રાજ્યમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.વહેલી સવારે અને રાતે ઠંડી જ્યારે બપોરના સમયે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં 12 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે દાહોદ સૌથી ઠડું શહેર બન્યું છે.

આ ઉપરાંત નલિયામાં 13 , કેશોદ ,અમરેલીમાં 14-14 અને તે સિવાયના શહેરોમાં 15 થી 24 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી 7 દિવસ લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું જણાવ્યું છે.

---

## CRICKET U-16

અંડર-16 ક્રિકેટમાં ગુજરાતની ટીમે સૌરાષ્ટ્રને 77 રને હરાવીને મલ્ટી-ડે ટુર્નામેન્ટની ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. વડોદરા ખાતે રિલાયન્સ જી-1 અંડર-16 મલ્ટી-ડે ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર સામેની મેચમાં ગુજરાતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કર્યું હતું.

જેમાં ગુજરાતની ટીમ 59 ઓવર 1 બોલમાં 134 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રની ટીમ તેની પ્રથમ ઇનિંગમાં 19.5 ઓવરમાં 53 રનમાં ઓલઆઉટ થઈ ગઇ હતી. ત્યાર બાદ ગુજરાતની ટીમ તેની બીજી ઇનિંગમાં 33.4 ઓવરમાં 106 રન બનાવીને ઓલઆઉટ હટાઈ ગઈ હતી.

બીજી ઇનિંગમાં સૌરાષ્ટ્રની ટીમ ગુજરાતનાં 186 રનના લક્ષ્યાંકને પાર કરવા માટે મેદાને ઉતારી હતી. જોકે સૌરાષ્ટ્રની ટીમ 110 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

---

## IND VS SA TEST CRICKET

કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે આજે ભારત પોતાની પહેલી ઈનિંગને

આગળ વધારશે. ગઈકાલે પહેલા દિવસની રમતના અંતે ભારતે એક વિકેટે 37 રન બનાવ્યા હતા. કે.એલ. રાહુલ 13 રન અને વોશિંગ્ટન સુંદર 6 રન સાથે રમતમાં છે.

અગાઉ બેટિંગ કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમ પોતાની પહેલી ઈનિંગમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી, જ્યારે મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

દક્ષિણ આફ્રિકા સામે ભારતનો ઘરઆંગણે શ્રેણીમાં સારો રેકોર્ડ છે , જેણે 19 ટેસ્ટ મેચમાંથી 11 મેચ જીતી છે. શ્રેણીની બીજી મેચ 22 નવેમ્બરથી ગુવાહાટીમાં રમાશે.

---

## AMC SCHOOL BOARD CELEBRATION

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના 100 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે મ્યુનિસિપલ શાળાઓ - ખાનગી શાળાઓ વચ્ચે ક્વિઝ , ગાન, વાર્તાકથન, ફોટોગ્રાફી સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025ના બીજા દિવસે બાળ દિવસના અવસરે ચિલ્ડ્રન પેવેલિયન –B ઝોનમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા વિવિધ જ્ઞાનવર્ધક અને સર્જનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરના જુદા જુદા ઝોનના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

---